

હરિયાળુ ગાંધીનગર - રળિયામણું ગાંધીનગર - ગાંધીનગરની સુંદરતા માટે તંત્ર સજાગ હોય એમ લાગે છે... શહેરના મુખ્ય માર્ગો પરની સેન્ટ્રલ વીસ્ટામાં રંગબેરંગી ફુલ ખીલે એ માટે છેલ્લા ચાર દિવસથી ફુલ-છોડનું વાવેતર થઈ રહ્યું છે... શહેરના પ્રાકૃતિક વૈભવમાં ઉમેરો કરવા અને જાળવવા તંત્ર અને સમાજ એકમેકને પૂરક બને.... આગામી દિવસોમાં હરિયાળા ગાંધીનગર - રળિયામણા ગાંધીનગરનું સ્વપ્ર સિદ્ધ થઈ શકે એમ છે...

# આગામી બે દિવસમાં વાતાવરણ પલટાશે

ગાંધીનગર, તા. ૩

અંગ દઝાડતી ગરમીથી પરેશાન શહેરીજનો માટે એક રાહતના સમાચાર છે. આગામી બે દિવસોમાં વાતાવરણમાં પલટો જોવા મળશે અને વાદળછાયુ વાતાવરણ સર્જાતા નાગરિકોને ગરમીથી કેટલાક અંશે રાહત મળશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ઉનાળાની શરૂઆત થતા જ ગરમી પોતાના આક્રમક મૂડમાં આવી ગઈ છે. સતત ગરમીનો પારો ઉપર આવતા શહેરીજનો ગરમીથી પરેશાન થઈ રહ્યાં છે અને ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરે છે અને ન છૂટકે જ ઘરની બહાર નીકળે છે. અંગ દઝાડતી ગરમીથી બચવા માટે જાત-જાતના નુસકા અપનાવી રહ્યા છે. માર્ગો બપોર પડતા જ સુમસામ બની જાય છે. બે દિવસ વાતાવરણ અનુભવાશે. પરિણામે નાગરિકોને ગરમીથી રાહત મળશે. જો કે મહત્તમ તાપમાનનો પારો ૩૯.૮ ડિ.સે. નોંધાયો હતો જ્યારે

## ગરમીનુ જોર ઘટશે ને વાદળછાયુ વાતાવરણ સર્જાય, હવામાન વિભાગની આગાહી

અગાઉ ગરમીનો પારો ૪૦ ડિ.સે. વટાવી દેતા લોકો તોબા પોકારી ગયા હતા. આકરા તાપ અને ગરમી વચ્ચે ગાંધીનગર શહેર સહિત રાજ્યભરના નાગરિકોને કેટલાક અંશે ગરમીથી રાહત મળશે. આગામી બે દિવસમાં રાજ્યના વાતાવરણમાં પણ ભારે પલટો આવશે જેથી વાદળછાયુ લઘુત્તમ તાપમાનનો પારો ૨૨.૫ ડિ.સે. નોંધાયો હતો. ગરમીનો પારો થોડો નીચો આવતા રાત્રે ઠંડકભર્યા પવન ફુંકાશે તેમ હવામાન વિભાગની આગાહી છે.

દિવસ દરમ્યાન પણ વહેલી સવારે ઠંડી તથા બપોર બાદ ગરમી જોર પકડતા બેવડી ઋતુનો નાગરિકો અનુભવ કરી રહ્યા છે.

# જિલ્લામાં ૪૬૪ તાવના દર્દી મળ્યા

## હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં બે દિવસમાં ૧૦૪૬ તાવના દર્દીઓ મળ્યા : ગ્રામ્ય વિસ્તારમાં મેલેરિયા માટે દહેગામ-ગાંધીનગરમાં જાગૃતિ અભિયાન : ઘરે ઘરે સ્ટીકર લગાવાયા

### સે. ૧૬ અને ૨૯માંથી તાવના ૨૨ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાંથી આજે વધુ ૩૪ કેસ તાવના મળી આવ્યા છે. બે જ દિવસમાં શહેરમાંથી ૭૬ જેટલા કેસ તાવના શોધી કાઢવામાં તંત્રને સફળતા મળી છે.

**હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના બીજા દિવસે ૧૩૬ પાત્રોમાંથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા**

વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના આજે બીજે દિવસે સેક્ટર-૧૬, ૨૨, ૨૯ અને ૧૯ સેક્ટરમાં સર્વેલન્સની કામગીરી શહેરી મેલેરિયાતંત્રની ટીમે આગળ ધપાવી હતી.

આજે બીજે દિવસે ૭૨૩૨ મકાનોનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦,૦૧૪ પાત્રઓની ચકાસણી કરતાં ૧૩૬ પાત્રોમાંથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તાવના જે આજે ૩૪ કેસ મળી આવ્યા છે તેમાં સે. ૧૬માંથી ૧૩, સેક્ટર-૨૨માંથી પાંચ, સેક્ટર-૨૯માંથી ૯ અને સેક્ટર-૧૯માંથી મળેલા બે કેસનો સમાવેશ થાય છે. મળતી આધારભુત વિગતો પ્રમાણે તંત્રની ટીમ દ્વારા આજે મળેલા તાવના કેસોના દર્દીઓના લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

મચ્છરોની ઉત્પત્તિ ધરાવતા સ્થાનો પર તંત્રની ટીમ દ્વારા પોરાનાશક કામગીરી પણ કરવામાં આવી હતી. બે જ દિવસમાં તંત્ર દ્વારા તંત્રને સે. ૨૯ અને સે. ૧૬માંથી મચ્છરોના બ્રિડીંગ વધુ મળ્યા છે. તંત્ર દ્વારા બે જ દિવસમાં ૩૦ ટકા જેટલા ઘરોના સર્વેલન્સની કામગીરી પૂર્ણ કરી દીધી છે.

તંત્ર દ્વારા આજે એક હજાર જેટલા પક્ષીકુંજની સફાઈનું અભિયાન પણ હાથ ધરવામાં આવ્યુ હતુ. તંત્રની ટીમો દ્વારા પાણીના સંગ્રહથી મચ્છરોની ઉત્પત્તિ વધે નહિ તે જોવા માટે નિયમિત સ્વચ્છતા જાળવવા પણ લોકોને સમજાવવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહક જન્ય રોગચાળાને નિયંત્રિત કરવાના હેતુસર આરંભાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના આજે બીજા દિવસે ૪૬૪ તાવના દર્દીઓ મળ્યા છે.

બે જ દિવસમાં ૧૦૪૬ તાવના દર્દીઓ તંત્રની ટીમો દ્વારા શોધી અને તેમના લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. જિલ્લા મેલેરીયા તંત્ર દ્વારા આજે પણ સવા બે લાખથી વધુ વ્યક્તીઓને સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા હતા. તંત્રની ટીમો દ્વારા ૪૫૭૬૩ ઘરોમાં તપાસ કરવામાં આવી હતી. આ ઘરો પૈકી ૧૨૦૧ સ્થાનો પરથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા. મેલેરિયાતંત્રની ટીમો દ્વારા આ સ્થાનો પર પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. બે જ દિવસમાં તંત્રની ટીમો દ્વારા ૨૪૦૦થી વધુ સ્થાનોએ પોરા મળી આવતાં પોરાનાશક કામગીરીને સઘન બનાવવાની સૂચના આપવામાં આવી છે. જિલ્લાની ટીમો દ્વારા કેટલાક ગામોમાં સ્ટીકર પણ ઘરની દિવાલ પર લગાડવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં તંત્રની ટીમ દ્વારા તાવથી ગભરાવાની જરૂર નથી, લોહી ચકાસણીની કામગીરી કરાવો જેવી બાબતો આ સ્ટીકરમાં દર્શાવવામાં આવી છે. તેમજ મેલેરિયાને નિયંત્રિત કરવાના ઉપાયો પણ આપણા હાથમાં જ છે તેની સરળ સમજૂતી સાથે લોકજાગૃતિ અભિયાન પણ આ સર્વેલન્સ સાથે ચલાવવામાં આવી રહ્યું છે. ગાંધીનગર અને દહેગામમાં ઘરે ઘરે સ્ટીકરો ચોંટાડી અભિનવ લોકજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આ સ્ટીકરોમાં આશા વર્કર સહિતના તંત્રના અધિકારીઓના નામ અને ટેલિફોન નંબર છાપવામાં આવ્યા છે.

# સેક્ટર-૨૯માં નવા સરકારી આવાસોનું ૯મીએ લોકાર્પણ

ગાંધીનગર તા ૩

શહેરના સે-૨૯ માં નવા સરકારી આવાસો બાંધવાનુ કામ પુર્ણ થઈ ગયુ છે. નવા આવાસો તૈયાર કરાયા બાદ બે મહીનાના અંતે આ આવાસોનુ લોકાર્પણ કરવામાં આવશે. સે-૨૯ માં બી કક્ષાના ૪૪૮ આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે આ નવી સરકારી કોલોનીનુ આગામી તા ૯ એપ્રિલના રોજ સવારે ૧૧ કલાકે નાયબ મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે. જયારે આ દરમિયાન ૨૮૦ કર્મચારીઓને આવાસોની ફાળવણી કરવામાં આવશે. નવી સરકારી કોલોનીમાં તમામ પ્રકારની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. અગાઉ સે-૭ માં પણ નવા આવાસો તૈયાર કરાયા બાદ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. હાલ આ આવાસોમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડી આ ઠેકાણે તંત્ર દ્વારા નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. આ આવાસોના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલ સે-૩૦ માં પણ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. જો કે હજુ આ આવાસોનુ કામ પુર્ણ થતા ચાર મહીના જેટલો સમય લાગે તેમ છે. પરંતુ સે-૨૯ માં નવા આવાસો બાંધવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. સે-૨૯ માં બી કક્ષાના ૪૪૮ આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે આ ટાવર કોલોનીના નિર્માણને અનુલક્ષી ૬૭.૪૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ આવાસોમાં લીફટ, ભુકંપ પ્રતિરોધક આર સી સી ફ્રેમ સ્ટ્રકચરનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આવાસોને અનુલક્ષી સી સી રોડ , બગીચો રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ અને ફાયર ફાઈટીંગ સિસ્ટમ અન્ડર ગ્રાઉન્ડ સંપ સહીતની પાયાની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. અગાઉ સ-૭ માં આવાસોનુ નિર્માણ કરાયા બાદ લોકાર્પણના અંતે આવાસોમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. હાલ સે-૩૦ માં પણ નવા આવાસો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે. જયારે સે-૨૯ માં અદ્યતન આવાસો બાંધવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે હજુ સે-૩૦ માં આવાસોનુ કામ ચાલી રહયુ છે.આગામી જુલાઈ મહીના સુધીમાં આ આવાસોનુ કામ પણ પુર્ણ કરી દેવાશે. જયારે આગામી તા ૯ એપ્રિલના રોજ સે-૨૯ ના નવા આવાસોનુ લોકાર્પણ કરવામાં આવશે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ તેમજ ગાંધીનગરના ધારાસભ્ય ઉપરાંત મેયર પ્રવિણ પટેલની ઉપસ્થિતિમાં આવાસોનુ લોકાર્પણ કરવામાં આવશે.

# નવા સેકટરોમાં નવી સરકારી કોલોની બનાવવા માટે ટુંકમાં સ્થળ પસંદગી કરાશે

## સે-૬, સે-૧૨ અને સે -૧૩ માં હજુ બી કક્ષાના નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી કરાશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમા દાયાકાઓ જુના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી બન્યા છે. જેના અંતે મોટાભાગના આવાસો રહેણાંક માટે ભયજનક હોવાનુ ધ્યાને આવ્યુ છે. તંત્ર દ્વારા તબક્કાવાર તોડીને નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાયુ છે. સે-૭ , ૨૯ અને સે-૩૦ માં આવાસો તૈયાર કરી દેવાયા બાદ હજુ પણ સેકટરોમાં નવા સરકારી આવાસો તૈયાર કરવા માટે તંત્ર દ્વારા આયોજન કરવામાં આવી રહયુ છે. શહેરના નવા સેકટરોમાં પણ ટાવર કોલોનીના નિર્માણ માટે સ્થળ પસંદગીને અનુલક્ષી અભ્યાસ હાથ ધરાયો છે. આગામી સપ્તાહમાં આવાસ યોજનાનુ સ્થળ આખરી કરી દેવાશે.

શહેરમાં દાયકાઓના અંતે સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો ખંડેર હાલતમાં જોવા મળી રહયા છે. આવાસો ભયજનક સ્થિતિમાં હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે સેકટરોમાં સ્થિત મોટાભાગના આવાસો રહેણાંકની દ્રષ્ટીઓ યોગ્ય ન હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. ત્યારે જુના નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં અન્ય જોખમી માલુમ પડતા મકાનો પણ તબક્કાવાર તોડવામાં આવી રહયા છે. સે-૭ , ૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા બાદ શહેરના નવા સેકટરોમાં પણ નવા મકાનો બાંધવા માટે તંત્ર દ્વારા અભ્યાસ હાથ ધરાયો છે. જો કે અગાઉ સે-૫ અને સ-૬ માં નવા આવાસો બાંધવા માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી. જયારે હવે આ મામલે ફેરવિચારણાના અંતે સ્થાન બદલવા પણ સર્વે હાથ ધરાયો છે. જો કે નવા આવાસો બાંધવા માટે હજુ સ્થળ પસંદગી થઈ નથી . પરંતુ ટુંકમાં જ આ મામલે અભ્યાસના અંતે નવા આવાસોનુ સ્થળ નક્કી કરી દેવામાં આવશે. જેના અંતે સેકટરોમાં બી કક્ષાના આવાસો તૈયાર કરવા માટેનુ કામ હાથ ધરાશે. બી કક્ષાના નવા આવાસો તૈયાર કરવા માટે અંદાજિત રૂ ૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.



ગરમીની અસર - શહેરના ટ્રાફીકથી ધમધમતા મુખ્ય માર્ગો પર ગરમીની સીધી અસર દેખાય છે... બપોરે ૧૨ થી ૪ દરમિયાન નાગરિકોની અને વાહન ચાલકોની અવરજવર નહિવત વર્તાય છે... સુમસામ લાગતા માર્ગો ગરમીના પ્રકોપની પ્રતિતી કરાવે છે... સામાન્ય રીતે ધમધમતા સચિવાલય સંકુલમાં પણ મુલાકાતીઓની અવરજવર પર પણ ગરમીની અસર વર્તાતી હોય એમ લાગે છે...

# જિલ્લામાંથી ૫૦૦ મે. ટન ઘઉંની ટેકાના ભાવે ખરીદી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આજ સુધીમાં ટેકાના ભાવથી ૫૦૦ મેટ્રીક ટન ઘઉંની ખરીદી નાગરિક પુરવઠા નિગમ દ્વારા કરવામાં આવી છે.

૧૫મી માર્ચથી શરૂ થયેલ ટેકાના ભાવની ખરીદી માટે ખેડૂતોએ સારો પ્રતિસાદ આપ્યો છે. રૂ. ૧૭૩૫ના ભાવે આ ઘઉંની ખરીદી કરવા માટે દહેગામ ખાતે ખરીદ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે.

નાગરિક પુરવઠા નિગમ દ્વારા ખેડૂતોના ટેકાના ભાવની ખરીદીને કારણે તેનુ એક ગોડાઉન ભરાઈ ગયુ છે અને બીજુ ગોડાઉન પણ ભરાઈ જવા પામ્યુ છે. જો કે ટેકાના ભાવની ખરીદી ૩૧મી મે સુધી ચાલુ રાખવામાં આવશે તેમ નિગમના સૂત્રોએ જણાવ્યુ છે.

જેમ જેમ સિઝન આગળ વધતી જાય છે તેમ તેમ બજારમાં પણ ઘઉંની આવક વધી રહી છે. જિલ્લામાં આ વખતે ૨૬ હજાર હેક્ટરથી પણ વધુ વિસ્તારમાં ઘઉંનું વાવેતર થયુ હતુ અને સાનુકૂળ હવામાન રહેતાં ઘઉંનું મબલખ ઉત્પાદન થવા પામ્યુ છે.

૫૦૦ મે. ટન ઘઉંની ખરીદી ટેકાના ભાવે થતાં પુરવઠા નિગમ દ્વારા જિલ્લામાંથી ઘઉની અત્યાર સુધીની ખરીદીમાં પણ એક વિક્રમ બન્યો છે. ગત વર્ષની તુલનામાં આ વર્ષે ઘઉની ખરીદી વધુ થઈ હોવાનુ નિગમના સૂત્રોએ જણાવ્યુ છે.

ખેડૂતોને સમયસર તેમના ઉત્પાદનનુ ચૂકવણુ પણ સમયસર થઈ જાય તે રીતે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું પણ નિગમના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

**ટેન્ડર નોટિસ**

ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ, ગાંધીનગર ખાતે કચેરી સ્ટેશનરી આઈટમો જેવી કે વિઝીટીંગ કાર્ડ, લેટર હેડ, વિન્ડો, સાદા તથા ક્લોથ કવર અને પ્લાસ્ટીક ફોલ્ડર વિગેરે પ્રિન્ટીંગની કામગીરી માટે વાર્ષિક ભાવકરાર કરવાના હોઈ, રસ ધરાવતી ગાંધીનગર/અમદાવાદ સ્થિત સંસ્થાઓ પાસેથી સિલબંધ કવરમાં તુલનાત્મક ભાવો મંગાવવામાં આવે છે. આ અન્વયે કંપની દ્વારા નિયત કરાયેલ ભાવપત્રક તા.૧૬.૦૪.૨૦૧૮ સુધીમાં કચેરીની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવા વિનંતી, સદર ટેલિ/ફેક્સ નં. ૨૩૨ ૪૧૮૬૨-૬૫-૬૬, ૨૩૨ ૪૬૧૨૭-૨૮

CIN: U75140GJ19999SGC036051

વાઈસ પ્રેસીડેન્ટ (સીએ)

**સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની અગિયારમી માસિક પુણ્યતિથિએ**

**શ્રદ્ધાંજલિ**



તમે એક પલમાં જીંદગીનું સંભારણું બની ચાલ્યા ગયા, જીંદગી હતી ટુંકી છતાં લાગણી ઘણી મુકી ગયા. જીવ્યા થોડુ પણ જીતી ગયા ઘણું, હસીને હસાવનાર રડાવી ચાલ્યા ગયા. પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**પુણ્ય આત્માને શત્ શત્ પ્રણામ**

રમેશભાઈ ભલાભાઈ પટેલ

(રીટાયર્ડ Dy.S.P.)

ભાવનાબેન રમેશભાઈ પટેલ

આકાશ રમેશભાઈ પટેલ

ઉમંગ રમેશભાઈ પટેલ

હાલ - ગાંધીનગર (કુહાવાળા)

**જગ્યા ભાડે આપવાની છે**

ઈન્ફોસીટી સુપર મોલ-૧,
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫, સબ-વેની બાજુમાં,
આશરે ૨૩૩ ચો. ફુટ

મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

**જગ્યા ભાડે આપવાની છે**

પ્લોટ નં. ૧૦૧/૧/૪, જીઆઈડીસી, સેક્ટર-૨૮,
ગાંધીનગર, જલારામ આઈસ ફેક્ટરીની સામે,
ગ્રાઉન્ડ ફ્લોર, (૧૨૦૦ ચો. ફુટ કારપેટ)

મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com